નિયામકશ્રી, વિકસતી જાતિ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા અને નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની તમામ કલ્યાણકારી યોજનાઓમાં આવક મર્યાદામાં સુધારો/વધારો કરવા બાબત.

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુ. રા. ગાંધીનગર.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 7 AUG 2014

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૭/૪/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૨/૧૪૪/અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧/૩/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૧૨/૫૯૪૪૩૩/છ.૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૩૦/૪/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંકઃઅજક/૧૦૨૦૧૨/૨૧૧૫૬૩૪/ગ

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૪/૧/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃવિજાક/જનરલ/૨૦૧૩-૧૪/૨૩

**ઠ રા વઃ-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના નિયામકશ્રી, વિકસતી જાતિ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા અને નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતા ધ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અમલ કરવામાં આવે છે. જેમાં વંચાણ હેઠળના ક્રમાંક (૧), (૨) અને (૩) ના ઠરાવોથી આવક મર્યાદાનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૩૬,૦૦૦/- ઠરાવવામાં આવેલ છે. પરંતુ હાલની વધતી જતી મોંઘવારી, જીવનધોરણનો ઉંચો આંક અને લઘુતમ વેતનની વિગતો જોતાં આ આવક મર્યાદા ઘણી ઓછી છે. જેના કારણે હાલમાં આ જાતિઓ માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં નકકી કરેલ લક્ષ્યાંક મુજબની અરજીઓ મળતી નથી. તેથી તેમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક (૪) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા ૪/૧/૨૦૧૪ ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, વિકસતી જાતિ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા અને નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની જે કલ્યાણકારી યોજનાઓની હાલની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૭,૦૦૦/- છે. તેમાં ગ્રામ્ય વિસ્તારમાં ખેતીના લઘુતમ વેતનને અનુલક્ષીને લગભગ ૭૪ ટકા જેટલો વધારો કરીને આ ધોરણ રૂ. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં હાલની વાર્ષિક આવક મર્યાદા જે રૂ.૩૬,૦૦૦/- છે. જેમાં ૮૯ ટકા જેટલો વધારો કરીને આ ધોરણ રૂ. ૬૮,૦૦૦/- કરવાનું ઠરાવવામાં આવે છે.

આ અંગેની યોજનાઓની અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૮/૭/૨૦૧૪ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એમ. ભાવસાર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી/જિલ્લા નાયબ નિયામકશ્રીઓ(વિ.જા)(નિયામકશ્રી(વિ.જા)મારફત)
- સેકશન અધિકારીશ્રી, ગ, છ, છ.૧, અ, બ-શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
- સિલેકટ ફાઇલ.

નં.અજાક/મ/૨/૨૦૧૪/૪૨૨૨-૪૨૯૯
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ફોનનં.૫૪૧૭૯,૫૩૨૪૦,ફેકસનં.૫૩૨૪૪
ગુજરાત રાજય, ગાંધીનગર
તા. ૧૧/૦૮/૨૦૧૪

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૧) જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી, ,--------------(તમામ)
(૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી,(પંચાયત) ,--------------(તમામ)
(3) વડી કચેરીની શાખાઓ --------------(તમામ)

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ